# ચોથી ટી-20 ધુમ્મસને કારણે રદ કરાઇ



**ધૂમ્મસના** આવરણને કારણે ફિલ્ડીંગમાં સમસ્યા થવાની શક્યતાને કારણે સતત નિરિક્ષણો કરાયા, ટોસ પણ ન ઉછાળાયો

**સાંજે** 6.50 વાગ્યાથી રાત્રે 9.25 વાગ્યા સુધીમાં એક પછી એક પાંચ નિરિક્ષણો કરાયા પછી મેચ રદ જાહેર થઇ

લખનૌ, તા. 17 : ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બુધવારે અહીંના એકાના સ્ટેડિયમમાં રમાનારી ચોથી ટી-20 મેચનો ટોસ ધુમ્મસના કારણે વિલંબિત થયો હતો અને એકપછી એક પાંચ નિરિક્ષણ કરાયા પછી પણ મેચ શરૂ થઈ શકી નહોતી અને અંતે રાત્રે 9.30 વાગ્યે મેચ રદ જાહેર થઈ હતી. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો કારણ કે જો બોલ હવામાં ફટકો પડે છે, તો ધુમ્મસનું જાડું આવરણ ફિલ્ડરોને મુશ્કેલી ઊભી કરી શકે, તેથી સતત નિરિક્ષણો કરવામાં આવ્યા હતા.

ટોસ સાંજે 6.30 વાગ્યે થવાનો હતો અને સ્થાનિક સમય મુજબ સાંજે 6.50 વાગ્યે નિરીક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. અમ્પાયરો પીચની આસપાસ ઊભા રહીને નિરીક્ષણ કર્યા પછી એક અમ્પાયરે દક્ષિણ આફ્રિકાના કોચ શુક્રી કોનરાડ અને કેપ્ટન એડન માર્કરામ સાથે જ્યારે બીજાએ ગંભીર સાથે વાત કરી હતી. તે સાંજે 7.30 વાગ્યે બીજું નિરીક્ષણ કરાયું હતું. જો કે પરિસ્થિતિમાં સુધારો થયો હોય તેવું ન લાગ્યું અને દશ્યતાનો અભાવ મુખ્ય મુદ્દો હતો, તે પછી ત્રીજું નિરીક્ષણ રાત્રે 8.30 વાગ્યે કરાયું હતું. ત્યારે કહેવાયું હતું કે મેચ મહત્તમ રાત્રે9.46 વાગ્યે શરૂ થઈ શકે છે, ત્યારે પિચ ફરીથી કવર કરવામાં આવી હતી. તે પછી રાત્રે 9 વાગ્યે ફરી નિરિક્ષણ નક્કી કરાયું હતું પણ તે અંતે રાત્રે 9.25 વાગયે કરાયું હતું અને તે સમયે પણ પીચ હજુ આવરણ હેઠળ જ રાખવામાં આવી હતી અને અંતે મેચ કદ કરવાનો નિર્ણય લેવાયો હતો. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની પ્રવાસ અને કાર્યક્રમ સમિતિનો શિયાળા દરમિયાન દેશના પૂર્વીય અને ઉત્તરીય પ્રદેશોમાં મેચો યોજવાનો નિર્ણય ચોક્કસપણે પ્રશ્નો ઉભા કરે છે.

## શુભમન ગિલને અંગૂઠામાં ઇજા, અંતિમ બે ટી-20માંથી બહાર



લખનૌ, તા. 17 (પીટીઆઇ) : ખરાબ ફોર્મમાં ચાલી રહેલા ભારતીય વાઇસ કેપ્ટન શુભમન ગિલને પગના અંગૂઠામાં ઈજા થવાને કારણે દક્ષિણ આફ્રિકા સામેની છેલ્લી બે ટી-20 મેચમાંથી બહાર કરવામાં આવ્યો હોવાનું ટીમના નજીકના સૂત્રોએ જણાવ્યું હતું. બીસીસીઆઇના એક સૂત્રએ નામ ન આપવાની શરતે કહ્યું હતું કે શુભમન ચોથી ટી-20ની પૂર્વસંધ્યાએ નેટ્સ પર લાંબા સમય સુધી બેટિંગ સત્રમાં રહ્યો હતો. સત્રના અંતમાં, તેના પગના અંગૂઠામાં ઇજા થઇ હતી. બુધવારે તેના માટે રમવું મુશ્કેલ છે. તેથી તે ટીમ સાથે નહોતો ગયો. આ સમયે તે કહેવું મુશ્કેલ છે કે તે અમદાવાદમાં રમશે કે નહીં.

# ભારતમાં ફૂટબોલનું ભાવિ ઉજ્જવળ રહેવાની મને આશા : લિયોનલ મેસી

**ભારત** પ્રવાસમાં અદ્‌ભૂત આતિથ્ય સત્કાર માટે મેસીએ આભાર વ્યક્ત કર્યો

**જામનગરમાં** વનતારાની મુલાકાત માટે પોતાનું રોકાણ એક દિવસ લંબાવી મેસી મિયામી જવા રવાના



નવી દિલ્હી, તા. 17 (પીટીઆઇ) : સ્ટાર ફૂટબોલર લિયોનલ મેસીએ તેની ટૂંકી મુલાકાત દરમિયાન અદ્‌ભુત આતિથ્ય માટે આભાર વ્યક્ત કરીને આશા વ્યક્ત કરી કે ફૂટબોલમાં ભારતનું ભવિષ્ય ઉજ્જવળ છે. મેસીએ તેમના ભારત પ્રવાસ દરમિયાન ચાર શહેરોની મુલાકાત લીધી હતી.

મેસી બુધવારે જામનગરમાં અનંત અંબાણી દ્વારા સ્થાપિત વંતારા વન્યજીવન બચાવ, પુનર્વસન અને સંરક્ષણ કેન્દ્રની મુલાકાત લેવા માટે ભારતમાં પોતાનું રોકાણ એક દિવસ લંબાવ્યા બાદ મિયામી જવા રવાના થયા.

38 વર્ષીય ફૂટબોલરે ઇન્સ્ટાગ્રામ પર પ્રવાસની એક મિનિટની ક્લિપ પોસ્ટ કરી, જેમાં તે ભારતીય ક્રિકેટ દિગ્ગજ સચિન તેંદુલકર, બોલીવુડ અભિનેત્રી કરીના કપૂર ખાન અને ઘણા યુવા ફૂટબોલરો સાથે વાતચીત કરતો જોવા મળે છે. મેસીએ કહ્યું કે દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ અને કોલકાતાનો પ્રવાસ અદ્‌ભૂત રહ્યો. સમગ્ર પ્રવાસ દરમિયાન તમે બધાએ જે ઉષ્માભર્યું સ્વાગત, ઉદાર આતિથ્ય અને પ્રેમ બતાવ્યો તે બદલ હું આભારી છું. મને આશા છે કે ભારતમાં ફૂટબોલનું ભવિષ્ય ઉજ્જવળ રહેશે.

મેસીએ ભારતીય ફૂટબોલને એવા સમયે શુભકામનાઓ પાઠવી જ્યારે તે મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. કોમર્શિયલ પાર્ટનરના અભાવે સ્થાનિક સિઝન શરૂ થઈ શકી નથી, જ્યારે રાષ્ટ્રીય ટીમનું પ્રદર્શન પણ નિરાશાજનક રહ્યું છે. વિશ્વના સૌથી પ્રખ્યાત અને લોકપ્રિય ખેલાડીઓમાંના એક મેસીએ આ પ્રવાસ દરમિયાન કોઈ સ્પર્ધાત્મક ફૂટબોલ મેચ રમી ન હતી.

## પોતાને નવજીવન આપવા બદલ સરફરાઝે CSKનો આભાર માન્યો

**છેલ્લી** ઘડીએ CSKએ ખરીદેલા સરફરાઝે 2026માં ફ્રેન્ચાઇઝી માટે ટાઇટલ જીતવાની આશા વ્યક્ત કરી

**છેલ્લી** બે સિઝનના ઓક્શનમાં સરફરાઝમાં કોઇ ફ્રેન્ચાઇઝીએ રસ દાખવ્યો નહોતો, છેલ્લે તે 2023માં રમ્યો હતો

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ) : ભારતીય બેટ્સમેન સરફરાઝ ખાને કહ્યું છે કે પાંચ વખતના આઈપીએલ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે)એ તેને અબુ ધાબીમાં યોજાયેલી ખેલાડીઓની હરાજીમાં 75 લાખ રૂપિયાની બેઝ પ્રાઇસ પર ખરીદ્યા બાદ તેને નવું જીવન આપ્યું છે.

મંગળવારે હરાજીના થોડા કલાકો પહેલા સૈયદ મુશ્તાક અલી ટ્રોફી મેચમાં 22 બોલમાં 73 રન બનાવનાર 28 વર્ષીય સરફરાઝ માટે પહેલા રાઉન્ડમાં કોઈએ રસ દાખવ્યો નહોતો અને છેક છેલ્લી ઘડીએ ચેન્નાઇ સુપર કિંગ્સ દ્વારા તેને ખરીદવામાં આવ્યો હતો.

સરફરાઝે તેના ઇન્સ્ટાગ્રામ પેજ પર લખ્યું કે મને નવું જીવન આપવા બદલ CSKનો ખૂબ ખૂબ આભાર. હું ખાતરી કરીશ કે CSK 2026 માં ટાઇટલ જીતે. આ આક્રમક મિડલ ઓર્ડર બેટ્સમેન છેલ્લે 2023 માં દિલ્હી કેપિટલ્સ માટે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે IPL મેચ રમ્યો હતો. તે પછીની બે સીઝનમાં વેચાયો ન હતો. તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી પણ હાલમાં મુશ્કેલીમાં છે, કારણ કે સ્થાનિક ક્રિકેટમાં સારા પ્રદર્શન છતાં, તેને કોઈપણ ફોર્મેટમાં ભારતીય ટીમમાં સ્થાન મળ્યું નથી. તે ભૂતકાળમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ તરફથી પણ રમી ચૂક્યો છે.

## ટાટા સ્ટીલ ચેસ : આનંદની છ વર્ષે વાપસી, શિષ્યોનો સામનો કરશે

કોલકાતા, તા. 17 (પીટીઆઈ) : પાંચ વખતનો વિશ્વ ચેમ્પિયન વિશ્વનાથન આનંદ છ વર્ષ પછી સ્પર્ધાત્મક એક્શનમાં પાછો ફરીને 7 થી 11 જાન્યુઆરી દરમિયાન અહીં સાતમી ટાટા સ્ટીલ ચેસ ચેમ્પિયનશિપમાં વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ અને તેના અન્ય ભૂતપૂર્વ શિષ્યનો સામનો કરશે ત્યારે ગુરુ અને તેના શિષ્ય વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી શકે છે. છેલ્લે 2019 માં ટુર્નામેન્ટ રમનારો આનંદ ભારતીય સ્ટાર્સની નવી પેઢી સામે વાપસી કરશે, જેમાં ગુકેશ મોખરે રહેશે. આનંદે તાજેતરના વર્ષોમાં તેમની વેસ્ટબ્રિજ આનંદ ચેસ એકેડેમીમાં ગુકેશને નજીકથી માર્ગદર્શન આપ્યું છે. એવું પહેલી વાર બનશે જ્યારે આ બે વિશ્વ ચેમ્પિયન ભારતીય ધરતી પર વ્યક્તિગત ટુર્નામેન્ટમાં ટકરાશે. ટાટા સ્ટીલ ચેસ ઇન્ડિયા ધોનો ધન્યો ઓડિટોરિયમ ખાતે યોજાશે અને તેમાં રેપિડ અને બ્લિટ્ઝ ફોર્મેટમાં ઓપન અને મહિલા બંને શ્રેણીઓ હશે.

# એશિઝ ત્રીજી ટેસ્ટ : કેરી-ખ્વાજાએ મળીને ઓસ્ટ્રેલિયાને મુશ્કેલીમાંથી કાઢ્યું

**સ્ટીવ** સ્મિથ બિમારીને કારણે બહાર થતાં છેલ્લી ઘડીએ ઉસ્માન ખ્વાજાનો પ્લેઈંગ ઇલેવનમાં સમાવેશ થયો

**એલેક્સ** કેરીએ સદી અને ખ્વાજાના 82 રનની મદદથી ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દિવસે આઠ વિકેટે 326 રન બનાવ્યા



એડિલેડ, તા. 17 (એપી) : એશિઝની આજે બુધવારથી અહીં શરૂ થયેલી ત્રીજી ટેસ્ટના પહેલા દિવસે ઓસ્ટ્રેલિયાની ખરાબ શરૂઆત પછી વિકેટકીપર બેટ્સમેન એલેક્સ કેરીની કેરિયરની ત્રીજી સદી અને સ્ટીવ સ્મિથની બીમારીને કારણે છેલ્લી ઘડીએ ટીમમાં સ્થાન મેળવનાર ઉસ્માન ખ્વાજાની શાનદાર 82 રનની ઈનિંગની મદદથી ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દિવસે આઠ વિકેટે 326 રન બનાવ્યા હતા. સ્ટમ્પ સમયે મિચેલ સ્ટાર્ક ૩૩ અને નાથન લિયોન શૂન્ય રને ક્રિઝ પર હતા.

ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લેનાર ઓસ્ટ્રેલિયાનો સ્કોર ચાર વિકેટે 94 રન હતો ત્યારે કેરી પોતાના હોમ ગ્રાઉન્ડમાં ક્રીઝ પર આવ્યો હતો. તેણે 143 બોલમાં આઠ ચોગ્ગા અને એક છગ્ગા સહિત 106 રન બનાવ્યા હતા. તેના પહેલા અગાઉ, ખ્વાજાએ ઓસ્ટ્રેલિયાની શરૂઆતની નિષ્ફળતામાંથી બહાર કાઢવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. સ્મિથને તેના 39મા જન્મદિવસની પૂર્વસંધ્યાએ બીમારીને કારણે બહાર કરવામાં આવ્યા બાદ ખ્વાજાને ઉતાવળે ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો.

ખ્વાજા ચોથા નંબરે બેટિંગ કરવા આવ્યો. જ્યારે તે પાંચ રન પર હતો ત્યારે તેને જીવતદાન મળ્યું હતું અને તેણે આ તકનો લાભ ઉઠાવીને માર્નસ લાબુશેન સાથે 61 અને કેરી સાથે 91 રનની બે મહત્વપૂર્ણ ભાગીદારી કરી. કેરીએ જોશ ઈંગ્લિશ અને કેપ્ટન પેટ કમિન્સ સાથે બે અર્ધશતકીય ભાગીદારી કરી હતી. જોફ્રા આર્ચર ઈંગ્લેન્ડનો સૌથી સફળ બોલર રહ્યો, તેણે 29 રન આપીને ત્રણ વિકેટ લીધી. બ્રેડન કાર્સ અને સ્પિનર વિલ જેક્સે બે-બે વિકેટ લીધી.

| ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| હેડ કો.ક્રાઉલી બો.કાર્સ | 10 | 28 | 1 | 0 |
| વેધરલ્ડ કો.સ્મિથ બો.આર્ચર | 18 | 27 | 4 | 0 |
| લાબુશેન કો.કાર્સ બો.આર્ચર | 19 | 40 | 2 | 0 |
| ખ્વાજા કો.ટંગ બો.જેક્સ | 82 | 126 | 10 | 0 |
| ગ્રીન કો.કાર્સ બો.આર્ચર | 0 | 2 | 0 | 0 |
| કેરી કો.સ્મિથ બો.જેક્સ | 106 | 143 | 8 | 1 |
| ઈંગલીશ બો.ટંગ | 32 | 39 | 4 | 0 |
| પેટ કમિન્સ કો.પોપ બો.કાર્સ | 13 | 19 | 2 | 0 |
| સ્ટાર્ક રમતમાં | 33 | 63 | 4 | 0 |
| લિયોન રમતમાં | 0 | 18 | 0 | 0 |
| વધારાના | 13 | | | |
| કુલ (83 ઓવરમાં આઠ વિકેટે) | 326 | | | |

વિકેટપતન : 1/33, 2/33, 3/94, 4/94, 5/185, 6/244, 7/271, 8/321

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 16 | 5 | 29 | 3 |
| બ્રેડન કાર્સ | 13 | 0 | 70 | 2 |
| જોશ ટંગ | 15 | 1 | 63 | 1 |
| બેન સ્ટોક્સ | 19 | 3 | 53 | 0 |
| વિલ જેક્સ | 20 | 3 | 105 | 2 |



# ફિફા એવોર્ડ : ઓસ્માન ડેમ્બેલે અને એટાના બોનમેટીને શ્રેષ્ઠ ખેલાડી જાહેર

**ઈંગ્લેન્ડની** સરીના વિગમેન અને પીએસજીના લુઇસ એનરિક શ્રેષ્ઠ કોચ જાહેર

દોહા, તા. 17 (એપી) : ફૂટબોલની સંચાલક સંસ્થા, ફિફા એવોર્ડ્‌સમાં ઓસ્માન ડેમ્બેલે અને એટાના બોનમેટીને અનુક્રમે પુરુષ અને મહિલા કેટેગરીમાં 2025ના શ્રેષ્ઠ ખેલાડી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ બંને ખેલાડીઓએ અગાઉ પ્રતિષ્ઠિત બેલોન ડી’ઓર એવોર્ડ પણ જીત્યો હતો.

ડેમ્બેલેએ પેરિસ સેન્ટ-જર્મન (PSG)ના પ્રથમ ચેમ્પિયન્સ લીગ ટાઇટલમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. બોનમેટીએ આ વર્ષે સ્પેન અને બાર્સેલોના સાથે પણ શાનદાર સિઝન રમી હતી. ફિફા એવોર્ડ્‌સ માટે વિશ્વભરના રાષ્ટ્રીય ટીમના કેપ્ટન, કોચ, મીડિયા અને ચાહકો દ્વારા મતદાન કરવામાં આવે છે.

બે યુરોપિયન કોચને શ્રેષ્ઠ કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. મહિલા કેટેગરીમાં, ઈંગ્લેન્ડને સતત બીજા મહિલા યુરો 2019 ના ખિતાબમાં મુખ્ય ભૂમિકા ભજવનાર સરીના વિગમેનને આ એવોર્ડ મળ્યો. પુરુષોની કેટગરીમાં, પીએસજીના ચેમ્પિયન્સ લીગ અને ફ્રેન્ચ લીગ ટાઇટલમાં મુખ્ય ભૂમિકા ભજવનાર લુઈસ એનરિકને આ એવોર્ડ મળ્યો.

## સુડોકુ ૬૩૯૯ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | ૫ | ૭ | | ૩ |
| ૫ | ૪ | | ૨ | ૩ | ૧ | | | |
| | ૩ | ૬ | | | | | ૫ | ૪ |
| | ૭ | | ૪ | | | ૮ | | ૧ |
| | | | ૧ | | | | | ૨ |
| ૩ | | | | | ૮ | | | ૭ |
| | ૫ | ૩ | ૮ | ૬ | | ૧ | | ૯ |
| ૨ | | ૧ | ૩ | ૯ | | | ૮ | |
| ૮ | | ૪ | ૫ | ૧ | ૨ | | ૭ | ૬ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

### દમ શ્વાસ

કેરીની ગોટલી નો ઘસારો અઠવા સૂકવી કરેલું ચૂર્ણ 5g રોજ પાણી સાથે લેવું. રાહત થાય છે પણ ગોટલી થી કબજિયાત થાય છે તેથી સાથે હરડે યા ત્રિફલા લેવા.

# ડોપિંગ : WADAના રિપોર્ટમાં ભારતનો પોઝિટિવ દર સૌથી વધુ

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ) : વર્લ્ડ એન્ટી-ડોપિંગ એજન્સી (WADA)ના 2024 ટેસ્ટિંગ ડેટા રિપોર્ટ મુજબ, 5,000 કે તેથી વધુ પરીક્ષણો કરાવનારા દેશોમાં ભારતમાં સૌથી વધુ ઉલ્લંઘનો થયા હોવાથી ભારતની ડોપિંગ સમસ્યાઓનો કોઈ અંત નથી લાગતો. WADAના અહેવાલ મુજબ, ભારતે ગયા વર્ષે 6,576 યૂરીન અને 537 બ્લડ સેમ્પલ મળીને 7,113 ટેસ્ટ કર્યા હતા, જેમાં 260 પ્રતિકૂળ પરિણામો આવ્યા હતા, જે 3.6 ટકાનો સકારાત્મકતા દર હતો, જે તમામ મુખ્ય દેશોમાં સૌથી વધુ છે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) ભવિષ્યમાં 2036 ઓલિમ્પિક રમતોનું આયોજન કરવા માટે ભારતની દાવેદારીનું મૂલ્યાંકન કરશે ત્યારે દેશનો નબળો ડોપિંગ રેકોર્ડ મુખ્ય ચિંતાઓમાંનો એક હશે. જ્યારે આ પરિસ્થિતિ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાજનક લાગી શકે છે, ત્યારે એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ આંકડા ડોપિંગના કેસોમાં વધારાનું પરિણામ નથી.

પરંતુ ભારતના કડક ડોપિંગ વિરોધી પ્રયાસોનું સીધું પરિણામ છે, જેમાં પરીક્ષણમાં વધારો અને મજબૂત પ્રતિબંધિત પદાર્થ શોધ પ્રણાલીનો સમાવેશ થાય છે એવું નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સી (NADA) એ એક નોંધમાં જણાવ્યું હતું.

# જો બર્ન્સ ટી-20 વર્લ્ડકપ નહીં રમી શકે, ઇટાલીએ મેડસેનને કેપ્ટન બનાવ્યો

**જો બર્ન્સે** ઉપલબ્ધતા અંગે સમંતિ નથી આપી કે કરાર પર હસ્તાક્ષર નથી કર્યા

રોમ, તા. 17 (પીટીઆઈ) : ઈટાલીના પ્રથમ ટી-20 વર્લ્ડકપ ક્વોલિફિકેશનમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ઓસ્ટ્રેલિયાના માજી બેટ્સમેન જો બર્ન્સની ઉપલબ્ધતાના મુદ્દાઓ તેના અને ઈટાલિયન ક્રિકેટ ફેડરેશન વચ્ચેના કરારમાં અવરોધ ઉભો કરી રહ્યા હોવાથી આવતા વર્ષની શરૂઆતમાં ભારત અને શ્રીલંકામાં યોજાનારી ટુર્નામેન્ટ તે ગુમાવશે.

ફેડરેશને 36 વર્ષીય બર્ન્સના સ્થાને વેઈન મેડસેનને કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો છે. બર્ન્સે 2020માં ઓસ્ટ્રેલિયા માટે છેલ્લી ઈન્ટરનેશનલ મેચ રમ્યા બાદ ફરજિયાત કૂલિંગ-ઓફ પીરિયડ પૂર્ણ કર્યા પછી ગયા વર્ષે ઈટાલી માટે ડેબ્યૂ કર્યું હતું. આ વર્ષની શરૂઆતમાં તેને ઈટાલીનો કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો અને તેણે ક્વોલિફિકેશન ટુર્નામેન્ટમાં ટીમનું નેતૃત્વ કર્યું હતું.

## શબ્દગુંફન - ૭૧૨૩

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. પોષને માઘ માસની ઠંડી ઋતુ (૩)
૪. વિચાર, ઇરાદો (૪)
૭. ભય (૩)
૯. ઇશ્વર કૃપા, સદ્‌ભાગ્ય (૪)
૧૧. વતનથી છૂટા પડવું તે (૪)
૧૨. વાર્તા (૨)
૧૪. લોકમત (૪)
૧૬. હેતુ, આશય (૪)
૧૮. બળવાન, સમૃદ્ધિવાળું (૨)
૧૯. ગાય, દહીં (૨)
૨૦. બીક (૨)
૨૧. નસ, વલણ (૨)
૨૨. ઘોડી (૩)
૨૪. પતિ (૨)
૨૫. .... લખવાનું કે (૨)
૨૬. સીમા, મર્યાદા (૨)
૨૭. કાગળ વગેરેના નાનાં ટુકડા (૪)
૨૯. સારું વર્તન (૨)
૩૦. નમેલું (૨)
૩૧. ફરિયાદ (૨)
૩૨. તરફદારી (૩)

**ઊભી ચાવી**
૨. પાર્વતી (૩)
૩. ટેવ, વ્યસન (૨)
૫. ધ્યાન બહાર રહેલી ભૂલ (૫)
૬. પાણી કાઢવાની ચામડાની ડોલ (૨)
૭. લેખ, દસ્તાવેજ (૨)
૮. રાતું (૩)
૯. ચાલ, ઝડપ (૨)
૧૦. મોટું (૩)
૧૨. પવન (૨)
૧૩. નકામું, બાદ કરેલું (૨)
૧૪. અણસમજુ (૫)
૧૫. આનંદ, લહેર (૨)
૧૬. પૃથ્વી (૨)
૧૭. બાતમી, પગેરું (૩)
૧૯. એક કઠોળ (૨)
૨૧. લીન (૨)
૨૨. કૃષ્ણ પક્ષનું, અંધારિયું (૨)
૨૩. ગુમાસ્તો, મુનીમ (૪)
૨૪. વેચાણ (૩)
૨૫. આદમી (૨)
૨૬. ઘોડો (૨)
૨૮. સૂર્ય (૨)
૨૯. નવલું, નવતર (૨)
૩૦. નમેલું (૨)

## આજનું પંચાંગ

**તા. 18/12/2025, ગુરુવાર**
**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** માગસર
**તિથિ:** વદ, ચૌદસ : 29:00
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**રાષ્ટ્રિય દિનાંક :** માગસર : 27
**યોગ :** ધૃતિ **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** અનુરાધા: 20:07 પછી જન્મેલાની જયેષ્ઠાની શાંતિ કરાવવી
**રાશિ:** વૃશ્ચિક (ન,ય)
**દિવસ :** અશુભ : શિવરાત્રી
**સુરતમાં સૂર્યોદય :** 07:11 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:54
**નવકારસી :** 07:59
**પારસી વર્ષ :** 1345, અમરદાદ માસનો 06ઠ્ઠો રોજ
**મુસલમાન વર્ષ :** 1449, જમાદીઉલઆખર માસનો 27મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે:- 13:30 થી 15:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નોકરીમાં અનુકૂળતા રહે. ઉઘરાણી આવે. નોકર-ચાકરથી સાવધાની, ખાવા-પીવા પર કાબુ રાખવો.
**વૃષભ (બ,વ,ઉ,):** નવી ભાગીદારીની વાતમાં વિઘ્નો આવી શકે છે. કોર્ટ, કચેરીમાં સાવધાની, રોજના કામમાં ધીરજ રાખવી.
**મિથુન (ક,છ,ઘ,):** કામનો બોજ રહે. હરીફો પરેશાન કરે. ઉધાર લેવા દેવાનું ટાળવું. માતા સાથે વિવાદથી અશાંતિ વધે.
**કર્ક (ડ,હ,):** અચાનક ઇચ્છિત મુલાકાત થાય. મિત્રો સાથે મનોરંજન થાય. શેર બજારમાં ધીરજ રાખવી.
**સિંહ (મ,ટ,):** બહારના કામમાં વિઘ્નો આવે. ઘરમાં અશાંતિ રહે. વડીલોના આરોગ્યના ખર્ચા સતાવશે.
**કન્યા (પ,ઠ,ણ,):** વાણી પર કાબૂ. કોઇ ઉપકાર આંધળો વિશ્વાસ મૂકવો નથી. યાત્રામાં મિલન મુલાકાત થાય.
**તુલા (ર,ત,):** વાણી પર કાબૂ રાખવો. ઉધાર લેવા-દેવાનું ટાળવું. સંતાનોના અભ્યાસના કામ પાર પડશે.
**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્યની ચિંતા સતાવે. માનસિક પીડા રહે. નોકરી-ધંધામાં સામાન્ય રહે. ખર્ચા વધશે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** પોતાની કિંમતી વસ્તુનું ધ્યાન રાખવું. કોઇની વાતમાં આવવું નહીં. ધર્મ-કર્મ થાય.
**મકર (ખ,જ,):** મિત્રો સાથે વિવાદથી અશાંતિ વધશે. નોકરી-ધંધામાં વફાદાર મિત્રોનો સાથ મળે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** નવા ફેરફારથી નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. સમાજમાં અશાંતિનો અનુભવ વધશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** વિદેશથી શુભ સમાચાર મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. ધાર્મિક પ્રવાસ થાય.

## કોઈ પણ સાલમાં 18 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નવી ટેકોનોલોજી અને આધુનિક વિચારો કે પદ્ધતિ પ્રમાણે કામ કરવાથી નવું શીખવા મળે. નોકરી-ધંધામાં નવી તકો સાથે સંઘર્ષ, ફેરફાર અને હરીફોની સમસ્યા રહે. આર્થિક બાબતે પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવા આર્થિક રોકાણ થાય. સમાજમાં માન વધે. પરિવારના સહકારથી વધારાની આવકની યોજનામાં ગતિ આવે. સંતાનોના અભ્યાસ કેરિયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. નવા ઘર વાહન, મકાનની યોજનામાં અનુકૂળતા રહે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીનનાં કામ તથા સામાજિક કામમાં મિત્રો વડીલોની મદદ મળે. અવાર-નવાર ચડતી પડતીની સાથે તકનો અનુભવ થતો રહેશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. માર્ચ-એપ્રિલ-ઓક્ટોબરમાં આવક વધશે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં ખર્ચા વધે. સામાજિક પ્રશ્નો વધશે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
બારડોલી શાખા (ઈ–દેના) : સરદાર બાગાયત આર્કેડ, સ્ટેશન રોડ, બારડોલી–૩૯૪૬૦૧,જી. સુરત. ઈન્ડીયા ફોનઃ ૦૨૬૨૨–૨૨૦૦૩૭
Email : dbbard @bankofbaroda.com

**કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે)**
**[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૦૨.૦૭.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદારો **શ્રી પ્રવિણકુમાર મિશ્રા (દેવાદાર), અને શ્રીમતી શ્રધ્ધા પ્રવિણ મિશ્રા (સહ દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૨,૦૨,૭૩૫/–(અંકે રૂા. બાર લાખ બે હજાર સાતસો પાત્રીસ પુરા)** રીવર્સલ વ્યાજ વત્તા લાગુ નહિ કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૧૨મી ડિસેમ્બર ૨૦૨૫** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા ની રકમ રૂા.૧૨,૦૨,૭૩૫/–(અંકે રૂા. બાર લાખ બે હજાર સાતસો પાત્રીસ પુરા)** રીવર્સલ વ્યાજ વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રહેણાક સોસાયટી સીવાન્શ હોમ્સ–૧ નો પ્લોટ નં. ૭૨૧ (ગામ ના ૭/૧૨ અને કે જે પી મુજબ આ પ્લોટ રે.સ/બ્લોક ન. ૪૫૦/૭૨૧ તરીકે ઓળખાયેલ છે.) માપ ૬૦.૩૯ ચો. મીટર રોડ અને સીઓપી ની જમીન ના વણવહેંચાયેલ હિસ્સા સહિત આખી સોસાયટી બિન ખેતી જમીન રેવન્યુ સર્વે નં. ૪૧૯,૪૨૦,૪૨૩ અને ૪૨૪ જેનો બ્લોક નં. ૪૫૦ માપ ૬૦૨૯૮.૦૦ ચો.મી મોજે ગામ ઉમરાખ તા. બારડોલી જી.સુરત ૩૯૪૩૪૫ ખાતે આવેલ છે. જેની **ચર્તુદિશા પૂર્વે** : જોડેની સોસાયટી રોડ, **પશ્ચિમે:** જોડેનો પ્લોટ નં. ૭૩૬, **ઉત્તરે** : જોડેનો પ્લોટ નં. ૭૨૨, **દક્ષિણ:** જોડેનો પ્લોટ નં. ૭૨૦ આવેલ છે.
સીક્યુરીટી કરાર : ઉપરોક્ત મિલકત તા. ૦૯.૦૯.૨૦૨૧ ના રોજ બેંક ઓફ બરોડા ને મોર્ગેજ થયેલ છે. અને જેનુ રજીસ્ટ્રેશન સબ રજીસ્ટાર કચેરી બારડોલી, જી. સુરત ખાતે ૨૨.૦૯.૨૦૨૧ ના રજીસ્ટ્રેશન નંબર ૪૧૧૬ થી થયેલ છે.
CERSAI ID : ૪૦૦૦૯૧૯૭૧૮૭૯

**તા. ૧૨.૧૨.૨૦૨૫, સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,બારડોલી શાખા**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
બારડોલી શાખા (ઈ–દેના) : સરદાર બાગાયત આર્કેડ, સ્ટેશન રોડ, બારડોલી–૩૯૪૬૦૧,જી. સુરત. ઈન્ડીયા ફોનઃ ૦૨૬૨૨–૨૨૦૦૩૭
Email : dbbard @bankofbaroda.com

**કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે)**
**[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૬.૦૯.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદારો **શ્રી ધમેન્દ્ર વિશ્વંભરનાથ દુબે (દેવાદાર), અને શ્રીમતી ગાયત્રીબેન ધર્મેન્દ્રનાથ દુબે (સહ દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૩,૮૪,૮૯૫/–(અંકે રૂા. ત્રેવીસ લાખ ચોર્યાસી હજાર આઠસો પંચાણુ પુરા)** રીવર્સલ વ્યાજ વત્તા લાગુ નહિ કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૧૨મી ડિસેમ્બર ૨૦૨૫** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા ની રકમ રૂા.૨૩,૮૪,૮૯૫/–(અંકે રૂા. ત્રેવીસ લાખ ચોર્યાસી હજાર આઠસો પંચાણુ પુરા)** રીવર્સલ વ્યાજ વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે સબ ડિસ્ટ્રીકટ બારડોલી ડિસ્ટ્રીકટ સુરત મોજે અસ્તાન ખાતે આવેલ દિવ્ય દર્શન સોસાયટી નો રહેણાંક નો ખુલ્લો પ્લોટ નં. ૫ માપ ૯૩.૮૬ ચો.મી જમીન બ્લોક નં. ૨૭૪/બી/૧ માપ ૧૩૬૫૦ ચો.મીટર પર બનેલ છે. તે ગીરવેદાર ધમેન્દ્ર વિશ્વંમભરનાથ દુબે અને ગાયત્રી ધમેન્દ્ર દુબે ના નામે આવેલ છે. જેઓ સુરત જીલ્લા સુરત ના રહેવાસી છે. મિલકત ની **ચર્તુદિશા પૂર્વે** : પ્લોટ નં. ૬, **પશ્ચિમે:** પ્લોટ નં. ૪૦, **ઉત્તરે** : બ્લોક નં. ૨૭૩ ની જમીન, **દક્ષિણ:** સોસાયટી આંતરીક રોડ આવેલ છે.
સીક્યુરીટી કરાર : ઉપરોક્ત મિલકત બેંક ઓફ બરોડા ને મોર્ગેજ થયેલ છે. અને જેનુ રજીસ્ટ્રેશન સબ રજીસ્ટાર કચેરી બારડોલી, જી. સુરત ખાતે ૧૦.૧૦.૨૦૨૭ ના રજીસ્ટ્રેશન નંબર ૩૭૫૭ થી થયેલ છે. CERSAI ID : ૪૦૦૦૧૭૭૩૮૯૩૦

**તા. ૧૨.૧૨.૨૦૨૫, સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,બારડોલી શાખા**